ANUBHAVS



# જેના રક્ષક બાપુ,
# તેનાં ભક્ષક કોણ

© Copyright 2010, Manasamarthyadata.com



- અમોલ પાટીલ

દેવ મારા... દેવ મારા... હું દેવ (પરમાત્મા)નો !!!

ડિસેમ્બર - 2006ની આ ઘટના છે.આ ઘટનાના પરિણામ સ્વરુપે કરુણાનિધાનની અર્થાત પરમ પૂજ્ય સદ્‌ગુરુ શ્રી અનિરુદ્ધ બાપુજીનાં કૃપા-આર્શીવાદની તથા અમારા પરિવાર પર રહેલાં તેમનાં અભયહસ્તની સુંદર અનુભૂતિ થઈ છે.

21 ડિસેમ્બર 2006ના દિવસે હું નિત્ય સમય અનુસાર 9.00 વાગ્યે ઓફિસે પહોચ્યોં હતો. લગભગ 10.00 વાગ્યે પિતાજીને છાતીમાં અચાનક ભારે દુઃખાવો થવા લાગ્યો હતો. દુઃખાવાના કારણ તે કણસવા લાગ્યા હતાં. તે દિવસે જ મારા મોટા ફોઇ અમારા ઘરે આવ્યાં હતાં. તેમણે પિતાજીને મને ફોન કરીને ડોક્ટર પાસે લઈ જવા માટે આગ્રહ કર્યો હતો. દુઃખાવો વધારે હોવા છતાં પિતાજીએ મને ફોન કરીને તરત જ ઘરે આવવા માટે કહ્યું હતું.

મેં બધુ જ કામ પડતુ મૂકીને તરત જ મારા સિનિયર અધિકારી સાથે આ વિષે વાત કરી હતી અને હું ઘરે જવા માટે નીકળ્યો હતો. ઘરે જતા સમયે રસ્તામાં જ મને મારા પિતાજી અને ફોઇ મળ્યાં હતાં. અમને દુઃખાવાનું કારણ સમજાતુ નહોતું, તેથી અમે પહેલાં ફેમિલી ડોક્ટર પાસે ગયાં હતાં. તેમણે સારવારની શરુઆત કરી હતી પરંતુ કોઇ ફરક પડતો નહોતો, અને દુઃખાવો વધતો જતો હતો. મારા પિતાજી ‘હે મા...હે મા...’ની બૂમો પાડતા હતાં. તેમની પરિસ્થિતી જોઇને મને કંઇ જ સમજાતુ નહોતું કે હું શું કરુ.

મારા ફોઇએ મને કહ્યું કે ‘આપણે તેમને કોઇ મોટા ડોક્ટર પાસે લઈ જઇએ.’ આ જ પરિસ્થિતીમાં અમે મારા પિતાજીને લઈને ડો. લોપશા પાસે ગયા હતાં. તેમણે તપાસ કરીને તરત જ સારવારની શરુઆત કરી હતી. તેમની પાસે રહેલાં મશીનની મદદથી તપાસ કરતા ખબર પડી કે પિતાજીને હાર્ટ એટેક આવ્યો હતો. તેમણે અમને ‘આદિત્ય નર્સિંગ હોમ’માં હાર્ટ સ્પેશિયાલિસ્ટ પાસે લઈ જવાની સલાહ આપી હતી. અમે તેમને રિક્ષામાં બેસાડીને ડો. ચિલેની હોસ્પિટલમાં લઈ ગયા હતાં. આ





સમયે પિતાજીની સંપૂર્ણ શક્તિ પૂર્ણ થઈ ગઈ હતી. તેમની આંખો બંધ થઈ ગઈ હતી અને હલનચલન પણ બંધ થઈ ગયુ હતું. એક ક્ષણ માટે મને લાગ્યું કે મે મારા પિતાજીને ગુમાવી દીધા છે. મારા પિતાજીનાં ખિસ્સામાં  બાપુભક્ત મારા મિત્ર નીલકંઠસિંહએ આપેલી ‘આહ્નિક’ અને બાપુજીની ઉપાસનાની પુસ્તિકા હતી. આ સમયે તે સંપૂર્ણ બેભાન અવસ્થામાં મારા ફોઇનાં ખભા પર માથુ ઢાળીને બેઠા હતાં. હું મનોમન બાપુજીનું નામસ્મરણ કરતો હતો. મારા પિતાજીની સ્થિતી જોઇને મારી આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી હતી.

રિક્ષાવાળો પણ આ વિસ્તારથી અજાણ્યો હોવાથી તેને આ હોસ્પિટલ મળતી નહોતી. અમે રસ્તામાં પૂછતાં પૂછતાં હોસ્પિટલ પહોંચ્યાં હતાં. અમે દરવાજા પાસે જ રિક્ષા ઉભી રાખી હતી. હું દોડતો દોડતો ડોક્ટરની કેબિનમાં ગયો અને ઉપસ્થિત રહેલાં ડોક્ટર લક્ષ્મણને કહ્યું કે મારા પિતાજીને હાર્ટ એટેક આવ્યો છે અને તે બેભાન અવસ્થામાં બહાર રિક્ષામાં છે. મારી વાત સાંભળતાં જ તે ઉભા થઈ ગયા હતાં, તેમણે બહાર આવીને હોસ્પિટલનો મેઇન ગેઇટ ખોલીને રિક્ષા અંદર લાવવા માટે કહ્યું હતું.

તેમણે તરત જ તાત્કાલિક સારવારની શરુઆત કરી હતી. તેમની હોસ્પિટલમાં અત્યંત આધુનિક યંત્ર સામગ્રીઓ હતી અને ડોક્ટર સ્વંય હાર્ટ સ્પેશિયાલિસ્ટ હતાં. તેમની સારવારથી પરિસ્થિતી સુધરતી જતી હતી અને ત્રણ કલાક પછી તેમણે અમને કહ્યું કે હવે કોઇ જ જોખમ નથી. હું આ જ ક્ષણે મારા પરમાત્મા, સદ્‌ગુરુ બાપુજીનો આભાર માનતો હતો. આમ છતાં તેમને 36 કલાક સુધી ‘અંડર ઓબ્ઝર્વેશન’માં  રાખવાની આવશ્યકતા હતી. આ સમયે હું સતત બાપુજીનું નામસ્મરણ કરતો હતો. મારા પિતાજીને સતત સાત દિવસ સુધી  આઇ.સી.યુ.માં રાખવામાં આવ્યાં હતાં અને આઠમા દિવસે તેમને રજા મળી હતી. બાપુજીની કૃપાથી જ મારા પિતાજી કુશળતાપૂર્વક ઘરે આવ્યાં હતાં.

‘જેનાં રક્ષક બાપુ, તેનાં કોણ ભક્ષક’… આ વાત સંપૂર્ણ સત્ય છે. આ સંસારમાં અસંભવને સંભવ કરનાર  એકમેવ મારા પરમાત્મા પરમ પૂજ્ય સદ્‌ગુરુ શ્રી અનિરુદ્ધ બાપુજી જ છે!

ANUBHAVS

# HARI OM

© Copyright 2010, Manasamarthyadata.com

manasamarthyadata.com